**ભાદરવા સુદ ૨, શનિવાર તા. ૧-૯-૧૯૬૨**
**ગાથા-૨૬ થી ૩૧, પ્રવચન-૬**

## કાવ્ય-૨૬

स्वर्भानुरर्कस्य हविर्भुजोऽम्भः,
कल्पान्तवातोऽम्बुनिधेर्विघातः।
संसारभोगस्य वियोगभावो,
विपक्षपूर्वाभ्युदयास्त्वदन्ये।।

રવિ કો રાહૂ રોકતા હૈ, પાવક કો વારિ બુઝાતા હૈ,
પ્રલયકાલ કા પ્રબલ પવન, જલનિધિ કો નાચ નચાતા હૈ.
ઐસે હી ભવ-ભોગોં કો, ઉનકા વિયોગ હરતા સ્વયમેવ,
તુમ સિવાય સબ કી બઢતી પર, ઘાતક લગે હુએ હૈં દેવ.

અન્વયાર્થ :— (स्वर्भानुः) રાહુ (अर्कस्य) સૂર્ય કા; (अम्भः) પાની, (हविर्भुजः) અગ્નિ કા; (कल्पांतवातः) પ્રલયકાલ કી વાયુ; (अम्बुनिधेः) સમુદ્ર કા તથા (वियोग-भावः) વિરહભાવ, (संसारभोगस्य) સંસાર કે ભોગોં કા (विघातः) નાશ કરનેવાલા હૈ. ઈસ પ્રકાર (त्वदन्ये) આપ સે ભિન્ન સબ પદાર્થ (विपक्षपूर्वाभ्युदयाः सन्ति) વિનાશ કે સાથ હી ઉદય હોતે હૈં.

ભાવાર્થ :— હે પ્રભો! સંસાર કે સબ પદાર્થ અનિત્ય હૈં, સિર્ફ આપ હી સામાન્યસ્વરૂપ કી અપેક્ષા નિત્ય હૈં અર્થાત્ આપ જન્મ-મરણ સે રહિત હૈં ઔર આપ કી યહ વિશુદ્ધતા ભી કભી નષ્ટ નહીં હોતી.

## કાવ્ય-૨૬ ઉપર પ્રવચન

આ ઋષભદેવ ભગવાનની સ્તુતિ છે. મહાકવિ ધનંજય 'વિષાપહાર સ્તોત્ર'. ખરેખર તો એ આત્માની સ્તુતિ છે. વ્યવહારથી એમ ઋષભદેવ ભગવાનને લક્ષ કરીને મિથ્યાત્વ અથવા રાગ-દ્વેષાદિના ઝેરને ઉતારનાર આ સ્તુતિ છે.

મુમુક્ષુ :- પરદ્રવ્ય તો કાંઈ કરી શકે નહિ.

ઉત્તર :- પરદ્રવ્ય એમાં કાંઈ કરી શકે નહિ એ તો વાત બરાબર છે. છતાં વ્યવહારે એને પુણ્યનો ઉદય હોય, ધર્મના આરાધક જીવને, એવા વિકલ્પો એ ભૂમિકામાં સત્યના હોય.

એને લઈને બાહ્ય અભ્યુદય અનુકૂળ હો, અને પ્રતિકૂળતા કોઈ ટળી જાય, પણ એ વાતની અહીંયાં મુખ્યતા નથી. નવનીતભાઈ! એની અહીંયાં મુખ્યતા નથી. અહીં તો મુખ્યતા આત્માના આરાધનની મુખ્યતા છે.

એને ઉદ્દેશીને પહેલા ૨૫માં તો એમ કહ્યું હે ભગવાન! આપે તો એક પ્રકારનો જ મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે. અન્યમતિના અન્ય દેવોએ અનેક પ્રકારના મોક્ષમાર્ગના કથન કર્યા. એ વસ્તુ જોતા નથી કે વસ્તુનું શું સ્વરૂપ છે અને એમાં જ બધું બળ ભાળી રહ્યા છે. આપે તો એક મોક્ષનો માર્ગ અખંડાનંદ અપરિમિત ચૈતન્યપ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન અને આરાધન એક જ પ્રકારનો માર્ગ છે. મોક્ષના માર્ગ બે કહે છે જૈનશાસ્ત્રમાં એ પણ કથનમાત્ર છે. વસ્તુસ્વરૂપ નથી. માટે હે પરમાત્મા! આપ જ એક મોક્ષના માર્ગના કહેનારા અને પરમાત્મપદ પામેલા તમે જ છો એમ મેં નિર્ણય કર્યો છે. એમ કવિ ભક્તિમાં ભગવાનની સ્તુતિ કરે છે.

૨૬મી.

स्वर्भानुरर्कस्य हविर्भुजोऽम्भः,
कल्पान्तवातोऽम्बुनिधेर्विघातः।
संसारभोगस्य वियोगभावो,
विपक्षपूर्वाभ्युदयास्त्वदन्ये।।

**રવિ કો રાહૂ રોકતા હૈ, પાવક કો વારિ બુઝાતા હૈ,**
**પ્રલયકાલ કા પ્રબલ પવન, જલનિધિ કો નાચ નચાતા હૈ.**
**ઐસે હી ભવ-ભોગોં કો, ઉનકા વિયોગ હરતા સ્વયમેવ,**
**તુમ સિવાય સબ કી બઢતી પર, ઘાતક લગે હુએ હૈં દેવ.**

જુઓ એક સ્તુતિ.

'**અન્વયાર્થ :- રાહુ, સૂર્ય કા ઘાતક હૈ.**' રાહુ રાહુ. એ સૂર્યનો ઘાત કરીને ગ્રહણ કરે છે ને ગ્રહણ? રાહુ સૂર્યનો ઘાતક. '**પાની અગ્નિ કા;...**' ઘાતક. અથવા પાની કા અગ્નિ ઘાતક. પાણીને અગ્નિ ઘાત કરે છે. ઠંડા પાણીને. '**પ્રલયકાલ કી વાયુ, સમુદ્ર કા...**' અને પ્રલયકાળનો વાયુ સમુદ્રને નચાવે છે. આવ્યું હતું ને ઓલામાં? પાણી ડોલમ ડોલા પ્રલયકાળમાં, દરિયાના સમુદ્રના પાણી ડોલમડોલા ચાલે છે. હે ભગવાન! અને '**વિરહભાવ, સંસાર કે ભોગોં કા નાશ કરનેવાલા હૈ.**' સંસારના ભોગ મળે એમાં એનો વિયોગ એનો નાશ કરે છે. સંસારના ભોગ વિપક્ષ શત્રુસહિત છે. સૂર્યને રાહુ શત્રુ છે, પાણીને અગ્નિ શત્રુ છે, સમુદ્રને પ્રલયકાળનો વાયુ શત્રુ છે અને સંસારના સંયોગને વિયોગ શત્રુ છે. પણ હે નાથ! '**ઈસ પ્રકાર આપસે ભિન્ન સબ પદાર્થ...**' આપથી બીજા જુદા પદાર્થો '**વિનાશ કે સાથ હી ઉદય હોતે હૈં.**' નાશવાનનો વિયોગ લઈને જ એ ઉદય થાય છે. સમજાય છે કાંઈ?

તત્ત્વાર્થસારમાં કહ્યું છે ને અનિત્યની વાત લેતા. અનિત્ય ભાવનામાં. પ્રભુ! આ શરીર જ્યારે જન્મ થાય છે તો એ જન્મ થયો તે પહેલા અનિત્યના ગોદમાં લેતું શરીર ઉત્પન્ન થાય છે. માતા ગોદમાં પછી લે. બાળકનો જન્મ થાય એ તો જન્મ પહેલા જ કહે છે કે એ તો પછી ગોદમાં લેશે માતા. પણ અનિત્યતાએ તો જ્યાં શરીર જન્મ થયો ત્યાં ગોદમાં શરીરને લઈ લીધું છે. સમજાય છે? શરીરની અનિત્યતા બતાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાશ. એક સમય ઘટવા માંડ્યો ફડાક. જ્યાં જન્મે હજી માતા તો પછી હાથમાં લેશે અને ગોદમાં લેશે. અનિત્યભાવ અનિત્યે શરીરને ગોદમાં લઈને નાશ કરવાની તૈયારી થઈ રહી છે. પહેલે સમયથી.

અહીં કહે છે, પ્રભુ! જગતના બહારના ઉદયો એની સાથે વિપક્ષ નામ શત્રુસહિત બધા ઉદય હોય છે. આપનો એવો ઉદય છે કે જે આપનું આરાધન કરે એને વિપક્ષ શત્રુ કોઈ હોઈ શકે નહિ. સમજાય છે? બીજી રીતે કહીએ તો આત્મા સિવાયના પુણ્ય-પાપ આદિ પરિણામ છેને પુણ્યના? પુણ્યભાવના? આ એનું આરાધન કરનાર, સેવન કરનારને એ પાપ શત્રુ છે. પાપનો ઉદય એને આવ્યા વિના રહેશે નહિ. સમજાય છે કાંઈ? પણ હે નાથ! ચિદાનંદમૂર્તિ પ્રભુ! તારું આરાધન જે કરે અખંડ આનંદનું સેવન શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રથી એને કોઈ વિપક્ષ પાછળ છે નહિ. સમજાય છે કાંઈ?

આ લક્ષ્મીનો ઉદય. ઓલામાં આવે છેને? 'ભોગે રોગ ભયં, કુલે ચ્યુતિ ભયં.' ઓલા ભર્તુહરિમાં શ્લોકમાં આવે છે. એ તો આપણે આવે છે બનારસીદાસમાં. બનારસીદાસના સમયસાર નાટકમાં. બધે ભય છે, એક નિર્ભય આત્માની ઉદાત્ત દશામાં નિર્ભયતા છે. બાકી પુણ્યનું આરાધન, પાપનું આરાધન, બધાય પ્રતિકૂળ સંયોગથી નાશવાન બધા કરનાર છે. શાસ્ત્રમાં ન્યાય આપે છે કે જેણે બહુ પુણ્ય કર્યા ને મિથ્યાદષ્ટિએ, પુણ્ય કર્યા. માણસ કહે ને બહુ પુણ્ય કરીએ પછી હળવે હળવે પવિત્રતા પાકશે. ખુબ પુણ્ય કરીએ શુભભાવ, શુભભાવને ખુબ કરીએ તો હળવે હળવે પવિત્રતા સમ્યગ્દર્શન પ્રગટશે. એમ અજ્ઞાનીઓ કહે છે. એને આચાર્ય કહે છે, એકવાર સાંભળ વાત તારી. એ પુણ્યના પરિણામમાં કદાચિત્ મિથ્યાદષ્ટિમાં શુભભાવ ઘણો થઈ જાય. એથી શાતા વેદનીય પંદર ક્રોડાક્રોડીની સ્થિતિ બંધાઈ જાય. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને એટલી સ્થિતિ ન હોય. ધર્મીજીવને સંસારની સ્થિતિનું લાંબુ કર્મ હોઈ શકે નહિ. ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ વીતરાગસ્વભાવ એની શ્રદ્ધા-જ્ઞાનનું આરાધન છે એને જે શુભભાવ થાય, એમાં અંતઃ ક્રોડાક્રોડીની શાતા વેદનીયની સ્થિતિ (બંધાય). શાતા વેદનીય, હોં. જે પુણ્યનું મોટું સ્વરૂપ. સમ્યગ્દષ્ટિને આત્મા નિર્વિકલ્પ અખંડાનંદ ધ્રુવ સ્વભાવનું આરાધન કરનાર, એને કોઈ શુભભાવ રહે અને પુણ્ય બંધાય તો થોડી સ્થિતિનું બંધાય. શેઠી! અને જે રાગનું એકલું આરાધન કરે છે અને દષ્ટિ મિથ્યા છે એના શુભભાવની ઉત્કૃષ્ટતામાં આવી

જાય (તો) પંદર ક્રોડાક્રોડી સ્થિતિ કર્મની બંધાય. શાતાવેદનીયની. એ પુણ્યની સ્થિતિ મોટી બંધાય મિથ્યાદષ્ટિને. પણ વિપક્ષ સહિત છે. એ પંદર ક્રોડાક્રોડીની સ્થિતિ એ નહિ ભોગવી શકે. કારણ કે ત્રસની સ્થિતિ જ હજી બે હજાર સાગરોપમ છે. દો (બે) હજાર સાગર. અને પંદર ક્રોડાક્રોડીની સ્થિતિ બાંધી છે પણ મિથ્યાદષ્ટિપણે શુભભાવને આરાધ્ય કર્યો સેવ્યો છે એથી એને પાપનો મિથ્યાત્વ ઉદય અને અશુભભાવ આવ્યા વિના રહેશે નહિ. પંદર ક્રોડાક્રોડી સ્થિતિને તોડી અલ્પ સ્થિતિ કરીને નિગોદમાં સ્થાવરમાં ચાલ્યો જશે. શેઠી! શેઠીને નવું લાગે છે બધું જાણે આ. પણ આ જૂના માણસ છે દિગંબરના. ગર્ભશ્રીમંત નામ નિક્ષેપે. સમજાણું કાંઈ?

એટલે કે જેની દષ્ટિમાં રાગનો પ્રેમ અને રાગની રુચિ ને સંયોગમાં લાભની બુદ્ધિ (છે) એવા જીવને શુભભાવ ઉત્કૃષ્ટ આવી જાય તો પંદર ક્રોડાક્રોડીની શાતાની બંધ સ્થિતિ થઈ જાય. પણ એટલી રહી નહિ શકે. કારણ કે એને અશુભભાવ એવા તીવ્ર આવશે કે ફડાક સ્થિતિ તોડી નાખીને નરક ને નિગોદમાં ચાલ્યો જશે. પણ પ્રભુ ચૈતન્યનું જેણે આરાધન કર્યું છે. આપનું એટલે ચૈતન્યનું. એ ભગવાનની સ્તુતિ એટલે જ આત્માની સ્તુતિ. એમ આવે છેને? ભગવાનની ભક્તિ એટલે જ આત્માની ભક્તિ. વચ્ચે વિકલ્પ હોય એ વ્યવહારભક્તિ કહેવામાં આવે છે. એટલે ચૈતન્યની સેવા કરનાર ધ્રુવ ચૈતન્યપ્રભુ, આ એને કદાચિત પુણ્ય શુભભાવ થાય અને અંતઃ ક્રોડાક્રોડીની સ્થિતિ બંધાય તોપણ વિપક્ષ નથી એને, શત્રુ કોઈ છે નહિ. એના સ્વભાવની સ્થિરતા દ્વારા એટલી સ્થિતિ પણ તોડીને શુદ્ધોપયોગને પામીને કેવળજ્ઞાનને પામશે. સમજાય છે કાંઈ?

એ કહે છે, **'હે પ્રભો! સંસાર કે સબ પદાર્થ અનિત્ય હૈં, સિર્ફ આપ હી સામાન્યસ્વરૂપ કી અપેક્ષા નિત્ય હૈં...'** વાત તો એ જ કીધી છે વ્યવહારથી ભગવાનની સ્તુતિ 'ૠષતિ ગચ્છતિ ઈતિ પરમ પદં ઈતિ ૠષભઃ' ૠષભનો અર્થ એ છે — ભગવાન આત્મા ૠષતિ ગચ્છતિ પરમપદં પોતાના પદને પામે એને અહીંયાં ૠષભ કહેવામાં આવે છે. ચોવીસ તીર્થંકરના અર્થ તો આત્મામાં ઉતરે છે. નવનીતભાઈ! બહારમાં વ્યવહારે ભક્તિ પણ હોય છે શુભરાગ. સર્વજ્ઞ પરમાત્માની ભક્તિ સંતો મુનિઓ પણ કરે છે. સમંતભદ્રાચાર્ય જેવા, કુંદકુંદાચાર્ય જેવા શુભરાગ હોય છે, ત્યારે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સ્તુતિ કરે છે. ક્ષાયિક સમકિતી ઈન્દ્ર શક્રેન્દ્ર અને એની શચી રાણી એકભવતારી એ પણ નંદીશ્વર દ્વીપે જઈ, વિકલ્પ આવે છે ભક્તિનો, અંદરના લક્ષ ને દષ્ટિ છોડતો નથી. ત્યાં પણ ઘુઘરા બાંધીને ભગવાનની શાશ્વત મૂર્તિઓ અષ્ટાહ્નિકાના આઠ દિનમાં, ત્યાં બાર મહિનામાં ત્રણ વાર જાય છે. નંદીશ્વર દ્વીપે. અને બાળકની પેઠે નાચે. સ્તુતિ-ભક્તિ (કરે). જાણે છે, સમજે છે કે જડની ક્રિયા જડથી થાય છે. રાગ જરી આવ્યો એ પુણ્યબંધનનું કારણ છે. મારા સ્વલક્ષે જેટલી એકાગ્રતા થાય એ મારે સંવર અને નિર્જરાનું કારણ છે. શેઠી!

અહીં કહે છે કે હે નાથ! સામાન્ય સ્વરૂપની અપેક્ષાએ ભગવાન નિત્ય છે. '**અર્થાત્ આપ જન્મ-મરણ સે રહિત હૈં ઔર આપકી યહ વિશુદ્ધતા ભી કભી નષ્ટ નહીં હોતી.**' આપની શુદ્ધતા પ્રગટે એમ ચૈતન્યસ્વભાવને વિકલ્પરહિતનું આરાધન કરે એની શુદ્ધતાને વિરુદ્ધતા કરનાર કોઈ જગતમાં છે નહિ. એ ખરી ભક્તિ પ્રભુ! આપની જ કરવી સાચી છે. બાકી આ અનિત્યતાની ભક્તિ અને જેનું ફળ અનિત્ય મળે, એ કાંઈ ભક્તિ સ્તુતિ સાચી નથી. એ ૨૬ કહી.

---

## કાવ્ય-૨૭

अजानतस्त्वां नमतः फलं यत्,
तज्जानतोऽन्यं न तु देवतेति।
हरिन्मणिं काचधिया दधानः-
तं तस्य बुद्धया वहतो न रिक्तः।।

**બિન જાને ભી તુમ્હેં નમન, કરને સે જો ફલ ફલતા હૈ,**
**વહ ઔરોં કો દેવ માન, નમને સે ભી નહિં મિલતા હૈ.**
**જ્યોં મરકત કો કાંચ માનકર, કરગત કરનેવાલા નર.**
**સમજ સુમણિ કો કાંચ ગહે, ઉસકે સમ રહે, ન ખાલી કર.**

**અન્વયાર્થ :—** (त्वाम्) આપ કો (अजानतः) જાને બિના હી (नमतः) નમસ્કાર કરનેવાલે પુરુષ કો (यत् फलम्) જો ફલ મિલા હોતા હૈ, (तत्) વહ ફલ (अन्यं देवता इति जानतः) દૂસરે કો 'દેવતા હૈ' — ઈસ તરહ જાનનેવાલે પુરુષ કો (न तु) નહીં હોતા. ક્યોંકિ (हरिन्मणिम्) હરે મણિ કો (काचधिया) કાંચ કી બુદ્ધિ સે (दधानः) ધારણ કરનેવાલા પુરુષ, (तं तस्य बुद्धया वहतः) હરે મણિ કો હરે મણિ કી બુદ્ધિ સે ધારણ કરનેવાલે પુરુષ કી અપેક્ષા (रिक्तः न) દરિદ્ર નહીં હૈ.

**ભાવાર્થ :—** હે ભગવન્! જો આપ કો નમસ્કાર કરતા હૈ, પર આપ કે સ્વરૂપ કો નહીં જાનતા; ઉસે ભી જો પુણ્યબંધ હોતા હૈ, વહ કિસી દૂસરે કો દેવતા માનનેવાલે પુરુષ કો નહીં હોતા. જિસ તરહ કોઈ અનજાન મનુષ્ય હરિતમણિ કો પહનકર, ઉસે કાંચ સમઝતા હૈ તો વહ, દૂસરે કી નિગાહ મેં જો મણિ કો મણિ સમઝકર પહન રહા હૈ, ઉસકી અપેક્ષા નિર્ધન નહીં કહલાતા. વે દોનોં એક જૈસી સંપત્તિ કે અધિકારી કહે જાતે હૈં; અતઃ શ્રદ્ધા ઔર વિવેક કે સાથ પ્રાપ્ત હુઆ અલ્પજ્ઞાન ભી પ્રશંસનીય હૈ.

## કાવ્ય-૨૭ ઉપર પ્રવચન

૨૭.

अजानतस्त्वां नमतः फलं यत्,
तज्जानतोऽन्यं न तु देवतेति।
हरिन्मणिं काचधिया दधानः-
तं तस्य बुद्धया वहतो न रिक्तः।।

**બિન જાને ભી તુમ્હેં નમન, કરને સે જો ફલ ફલતા હૈ,**
**વહ ઔરોં કો દેવ માન, નમને સે ભી નહિં મિલતા હૈ.**
**જ્યોં મરકત કો કાંચ માનકર, કરગત કરનેવાલા નર,**
**સમજ સુમણિ જો કાંચ ગહે, ઉસકે સમ રહે, ન ખાલી કર.**

ધ્યાન રાખજો આ સ્તુતિ. શું કહે છે?

'**અન્વયાર્થ :- આપકો જાને બિના હી...**' વિના જાણે એટલે અનુભવ કર્યા વિના. અનુભવ ન થયો હોય આપનો. પણ આપનું લક્ષ બંધાણું હોય. સમજાય છે? લક્ષ બરાબર બંધાણું હોય. અનુભવ ન હોય. આપની તત્ત્વચર્ચા, આપના ચૈતન્યની વાર્તા. આવે છે ને એકવાર પણ ચૈતન્યની અનુભવની વાર્તા સાંભળે '**चित्तप्रसनेन्**'—ચિત્ પ્રસન્નથી, એ ભાવિ મોક્ષનું ભાજન છે. એ અલ્પ કાળમાં કેવળ લેશે. ભલે વર્તમાન એને અનુભવ ન હોય. પણ શુદ્ધનયનો પક્ષ કરીને એની તત્ત્વ અને ચર્ચા અને વારંવાર શ્રવણ-મનન એનું કરે છે.

'**આપકો બિના જાને...**' અનુભવ કર્યા વિના '**નમસ્કાર કરનેવાલે પુરુષ કો...**' પણ આપને નમન કરવાની એની યોગ્યતા પ્રગટ થઈ છે. વારંવાર બહુમાન તત્ત્વનું. વિકલ્પ અને રાગ ને પરનું બહુમાન નહિ. નિર્વિકલ્પ ભગવાન એનું લક્ષ, એની રુચિ, એનો વિવેક. જ્ઞાન ભલે થોડું હોય. સમજાય છે? એના પ્રત્યેનો ઝુકાવ. એ '**પુરુષ કો જો ફલ હોતા હૈ, વહ ફલ દૂસરે કો દેવતા હૈ — ઈસ તરહ જાનનેવાલે પુરુષ કો નહીં હોતા.**' આ દેવ છે અન્યના માનેલા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એને માને છે કે આ અમારા બરાબર દેવ છે. દેવ નથી એને દેવ માને, ગુરુ નથી એને ગુરુ માને, નથી શાસ્ત્ર એને શાસ્ત્ર માને. એના કરતાં પ્રભુ! આ તારી લક્ષવાળી ચીજ જે આત્માની, આ એના ફળ કાંઈ ઓછા નથી. ઓલાને કાંઈ ફળે એવું નથી અને આમાં મોટું ફળ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

'**દૂસરે કો દેવતા હૈ — ઈસ તરહ જાનનેવાલે પુરુષ કો નહીં હોતા. ક્યોંકિ હરે મણિ કો કાંચ કી બુદ્ધિ સે ધારણ કરનેવાલા પુરુષ,...**' છે તો હાથમાં મણિ.

પણ જરી ખ્યાલ છે કાચનો. વિશેષે વિવેક આદિ નથી. '**હરે મણિ કો કાંચ કી બુદ્ધિ સે ધારણ કરનેવાલા પુરુષ,...**' જરી મૂળ પાઠથી અર્થમાં બીજી રીતે લીધું છે. ખરેખર એમ છે આમ કહેતાં અને બીજો ખોટા દેવને સાચા દેવ તરીકે માને છે એને બધું ઊંધું પડે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ને સત્ તત્ત્વ, દૈવી શક્તિ ભગવાન આત્મા, એના લક્ષની ચર્ચા, એની ભાવના, એની વિચારણા, એનો ઉહાપોહ, એનો અનુપયા એ કરનારને અનુભવ ન હોવા છતાં એનું ફળ અજ્ઞાની, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનનારા અથવા રાગના આરાધન કરનારા, રાગમાં લાભ લક્ષ માંડીને રહેનારા, એના કરતાં પ્રભુ આનું મોટું ફળ છે. સમજાય છે કાંઈ?

અહીં એમ કહ્યું છે કે '**હરે મણિ કો હરે મણિ કી બુદ્ધિ સે ધારણ કરનેવાલે પુરુષ કી અપેક્ષા દરિદ્ર નહીં હૈ.**' શું કહે છે? એકે હરિ મણિ પકડ્યું છે જાણીને અને એકે હરિ મણિ જાણ્યા વિના પકડ્યું છે. પણ બેય પાસે ઋદ્ધિ તો છે. સમજાય છે કાંઈ? એકે હરિ મણિ આ સાચું છે એમ જાણીને પકડ્યું. એમ એકે આત્મતત્ત્વને અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને પકડ્યા. અને એકે હરિમણિ તરીકે કાચબુદ્ધિએ, એની કિંમતનો અનુભવ જે જોઈએ એ હોઈ શકે નહિ. તોપણ પ્રભુ! જેને સાચું હરિમણિ છે અને જાણીને પકડ્યું છે, એના કરતાં હરિમણિને ભલે એને અલ્પ જ્ઞાને વિશેષ વિવેક વિના પકડ્યું છે, પણ એનાથી ઓછો ઋદ્ધિવાળો છે એમ કહી શકાય નહિ. સમજાય છે કાંઈ? દરિદ્ર નહીં હૈ.

'**ભાવાર્થ :- હે ભગવન્! જો આપકો નમસ્કાર કરતા હૈ, પર આપકે સ્વરૂપ કો નહીં જાનતા;...**' વિશેષ અનુભવ નથી. અનુભવ પૂરતો નથી એટલી વાત લેવી. આમ તો જાણે છે. નથી જાણતો એમ નહિ. પણ આમ સાક્ષાત્! સ્વના વેદન સહિત, જાણતો નથી. '**ઉસે ભી જો પુણ્યબન્ધ હોતા હૈ, વહ કિસી દૂસરે કો દેવતા માનનેવાલે પુરુષ કો નહીં હોતા.**' સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પ્રભુ અને આત્મા સર્વજ્ઞ પ્રભુ આત્મા, આ એના લક્ષના કરનારા માનનારા, એના સિવાયના કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અલ્પજ્ઞને દેવ માનનારા, કુદેવ ને કુગુરુને ગુરુ માનનારા, એવા '**દેવતા માનનેવાલે પુરુષ કો નહીં હોતા.**' એને એ ફળ પુણ્યબંધ એવું હોતું નથી.

ધર્મીના લક્ષવાળાને પુણ્ય અને પવિત્રતા અલ્પ કાળમાં પ્રાપ્ત થશે. પણ પુણ્ય પણ એવું બંધાય કે જેને અનંત કાળમાં નહિ મળેલી એવી સામગ્રી પણ ત્યાં વીતરાગની વાણી આદિનો જોગ થાય. એવો મિથ્યાદૃષ્ટિને, રાગના આરાધન કરનારને એવું પુણ્યફળ અને પુણ્યબંધ હોતું નથી.

'**જિસ તરહ કોઈ અનજાન મનુષ્ય હરિતમણિ કો પહનકર, ઉસે કાંચ સમજતા હૈ તો વહ, દૂસરે કી નિગાહ મેં જો મણિ કો મણિ સમઝકર પહન રહા હૈ,...**' જાણીને પહેરે છે, ઓલા અજાણીને. '**ઉસકી અપેક્ષા નિર્ધન નહીં કહલાતા.**' એના હાથમાં રતન છે. એના હાથમાં રતન છે એટલે એ અપેક્ષાએ એને નિર્ધન કહેવામાં આવતું નથી.

'**વે દોનોં એક જૈસી સંપતિ કે અધિકારી કહે જાતે હૈં;...**' બેયની સંપદા એક અપેક્ષાએ સરખી કહેવામાં આવે છે. '**શ્રદ્ધા ઔર વિવેક કે સાથ પ્રાપ્ત હુઆ અલ્પજ્ઞાન ભી પ્રશંસનીય હૈ.**' એમ કહે છે. અનુભવ વિના પણ વાસ્તવિક શ્રદ્ધા અને વાસ્તવિક તત્ત્વને પકડ્યું છે. આવે છે ને શાસ્ત્રમાં? શુદ્ધનયનો પક્ષ, અનાદિ કાળથી એક સેકન્ડ પણ આવ્યો નથી. આ તો હજી વ્યવહારથી લાભ થાશે ને નિમિત્તથી લાભ થાશે, રાગની મંદતા કરતાં કરતાં લાભ થાશે. અરે..! તારા કુદેવનું સેવન છે. એ દેવનું સેવન નથી. દૈવશક્તિ આત્મા ભગવાન! એના લક્ષે જે કામ ચર્ચા, ધ્યાન, વિચારણા વગેરે કરી રહ્યો છે તે સમજીને ધ્યાનાદિ કરે છે. પ્રભુ! આનાથી ઓછો નહિ કહેવાય. એ પૂર્ણની પ્રાપ્તિ થવાની એને તૈયારી છે. એમ કહેવા માગે છે. સમજાય છે આમાં કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ પણ એનું લક્ષ ક્યાં છે? જોર છે એને સ્વભાવ ઉપરની વાત. આ જ વસ્તુ... આ જ વસ્તુ... આ જ વસ્તુ. ચૈતન્ય જ્ઞાયક અભેદ અખંડ વસ્તુ તે જ હું છું એવું લક્ષ જ્યાં બંધાણું છે એ અલ્પ કાળમાં અનુભવને પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ? એ ઓછી ઋદ્ધિવાળો કહેવાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? એય..! શેઠી! હજી વિચારમાં પડી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ પણ સમ્યક્‌ની સન્મુખ થઈ ગયો છે. એને પણ ઓછો ઋદ્ધિવાળો કહેવામાં આવતો નથી. એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ?

જે તીવ્ર મિથ્યાદૃષ્ટિ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે અને એના સન્મુખમાં પડ્યો છે, ખોટાને સાચું માનીને પડ્યો છે. એ સાચાને બરાબર અનુભવ નથી પણ લક્ષમાં બાંધીને દોર બાંધ્યો છે બરાબર. સમજાય છે? એ અલ્પ કાળમાં મિથ્યાત્વનો નાશ થઈ, સમ્યક્ અનુભવ કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. એની ઋદ્ધિ પણ ઓછી છે એમ અમે કહેતા નથી. સમજાણું કાંઈ? જુઓ! આ વિષાપહાર.

'**શ્રદ્ધા ઔર વિવેક કે સાથ પ્રાપ્ત હુઆ અલ્પજ્ઞાન ભી પ્રશંસનીય હૈ.**' વાસ્તવિક વિવેક અને વાસ્તવિક શ્રદ્ધા એના ચૈતન્ય તરફના નિર્વિકલ્પની રુચિનું જોર, રુચિનું જોર, એને કહે છે કે રુચિનું પરિણમન છે એને. એનાથી અમે ઓછો નહિ કહીએ, પ્રભુ! કારણ કે દેવના આરાધનમાં એ ગયો છે. અને કુદેવના આરાધન કરનારા, એને કાંઈ પણ સાચું ફળ મળવાનું નથી. કુદેવ નામ રાગ. શુભરાગના સેવન કરનારા નવમી ગ્રૈવેયકે ગયા એવા શુભભાવને સેવ્યો એ દિવ્ય શક્તિનું સેવન નથી, એ તો કુદેવનું સેવન છે. એના કરતાં આનું ફળ જુદી જાતનું છે. શેઠી!

## કાવ્ય-૨૮

प्रशस्तवाचश्चतुराः कषायैः-
दग्धस्य देवव्यवहारमाहुः।
गतस्य दीपस्य हि नन्दितत्वम्-
दृष्टं कपालस्य च मङ्गलत्वम्।।

વિશદ મનોજ્ઞ બોલનેવાલે, પંડિત જો કહલાતે હૈં,
ક્રોધાદિક સે જલે હુએ કો, વે યોં 'દેવ' બતાતે હૈં.
જૈસે બુજે હુએ દીપક કો, બઢા હુઆ સબ કહતે હૈં,
ઔર કપાલ વિઘટ જાને કો, મંગલ હુઆ સમઝતે હૈં.

અન્વયાર્થ :— (प्रशस्तवाचः) સુંદર બોલી બોલનેવાલે (चतुराः) ચતુર મનુષ્ય, (कषायैः दग्धस्य) કષાયોં સે જલે હુએ પુરુષ કે પ્રતિ ભી (देवव्यवहारम् आहुः) દેવ શબ્દ કા વ્યવહાર કરના કહતે હૈં. સો ઠીક હી હૈ (हि) ક્યોંકિ (गतस्य दीपस्य) બુજે હુએ દીપક કા (नंदितत्त्वं) 'બઢના' (च) ઔર (कपालस्य) ફૂટે હુએ ઘડે કા (मङ्गलत्वम्) 'મંગલપન' (दृष्टम्) દેખા ગયા હૈ.

ભાવાર્થ :— હે ભગવન્! લૌકિક મનુષ્ય રાગ-દ્વેષી જીવોં કો ભી 'દેવ' શબ્દ સે વ્યવહાર કરતે હૈં, સો સિર્ફ લોક વ્યવહાર સે હી કિસી બાત કી સત્યતા નહીં હોતી ક્યોંકિ લોક મેં કિતની હી બાતોં કા ઉલ્ટા વ્યવહાર હોતા હૈ.

જૈસે કિ જબ દીપક બુઝ જાતા હૈ, તબ લોગ કહતે હૈં, દીપક 'બઢ ગયા' ઔર જબ ઘડા ફૂટ જાતા હૈ, તબ લોગ કહને લગતે હૈં કિ ઘડે કા 'કલ્યાણ' હો ગયા. ૨૮.

---

## કાવ્ય-૨૮ ઉપર પ્રવચન

૨૮.

प्रशस्तवाचश्चतुराः कषायैः-
दग्धस्य देवव्यवहारमाहुः।
गतस्य दीपस्य हि नन्दितत्वम्-
दृष्टं कपालस्य च मङ्गलत्वम्।।

**વિશદ મનોજ્ઞ બોલનેવાલે, પંડિત જો કહલાતે હૈં,**
**ક્રોધાદિક સે જલે હુએ કો, વે યોં 'દેવ' બતાતે હૈં.**
**જૈસે બુજે હુએ દીપક કો, બઢા હુઆ સબ કહતે હૈં,**
**ઔર કપાલ વિઘટ જાને કો, મંગલ હુઆ સમઝતે હૈં.**

દરેક ગાથામાં દૃષ્ટાંત આપીને વાતને સિદ્ધ કરી છે. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેટલું સરસ છે જુઓને! પ્રશંસા પ્રશંસા શું કહે છે?

એ જગતના બોલકાઓ. બોલકા સમજો છો? વાતુડા આવે છેને ભાઈ? પંચાધ્યાયીમાં. વા.. આવે છે. .. કહે છે. મારા વચનના ચાતુર્ય, વચનના બોલકા અને વચનને વિંઝણે આત્માને તોડી નાખનારા એવા વચન કરે... એવા વચન કરે. ચતુર મનુષ્ય એ સંસારના ડાહ્યો. એ '**કષાયોં સે જલે હુએ પુરુષ કે પ્રતિ ભી દેવ શબ્દ કા વ્યવહાર કરના કહતે હૈં.**' જેમાં રાગ પડ્યો છે, પુણ્યની ક્રિયા પડી છે એને લાભ મનાવે છે એ બોલનારા ચતુરો. એ કષાયવાળા જીવને પણ દેવ માનીને બેઠા છે. એ ચતુર અજ્ઞાનમાં (છે). સમજાણું કાંઈ?

શું કહ્યું? બોલકાઓ, જેને કષાયભાવ પડ્યો છે એને દેવ બતાવી રહ્યા છે અને અજ્ઞાનીઓ બીજા વિશેષ કે જે રાગભાવની ક્રિયા આરાધે છે એમાં ધર્મ બતાવી રહ્યા છે. એ બોલકાઓ વાણીના ચતુર જીવો, મૂઢ અને અજ્ઞાની છે. સમજાણું કાંઈ? વાણીની વક્રતાની શૈલીથી એવું કહે આમ જોવે... આમ હોય... વ્યવહાર વિના નિશ્ચય થાય નહિ, રાગ વિના લાભ થાય નહિ. એવી યુક્તિ ને બરાબર વચનની કળાએ કેળવે. હે નાથ! એવા અજ્ઞાનીઓ એ રાગને ધર્મ મનાવી રહ્યા છે. રાગથી દેવશક્તિ પ્રગટ થશે એમ મનાવી રહ્યા છે. એ લૌકિક દેવો આવા જ હોય અને લૌકિક ચતુરો આવા હોય છે. સમજાણું કાંઈ?

'**દેવ શબ્દ કા વ્યવહાર કરના કહતે હૈં. સો ઠીક હી હૈ. ક્યોંકિ બુઝે હુએ દિપક કો બઢના...**' નથી કહેતા? દીવો વધી ગયો છે. દીવો ઓલવે ને ઓલવે? દીવો વધાર્યો છે. શું કહે છે તમારે? દીપક બઢ ગયા. જુઓ લોકની ઊંધાઈ! દીપક બઢ ગયા. ઓલાઈ ગયો. ઓલાઈ ગયો હોય એને શું કહે? બુઝાય. દીવો બુઝાય એને કહે કે બઢ ગયા. ઊંધાઈ તો જુઓ જગતની! સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એમ કે આમ અપમાન.. એ જરી અપમાન માને. અપશુકન માને. ખબર છે ને. એ તો માગવા આવે ને બ્રાહ્મણ. હવે તો બધું ઓછું થઈ ગયું. નહિતર ગામડામાં બ્રાહ્મણ માગવા આવે લોટ. લોટ. લોટ ન હોય તો નથી એમ ન કહે એ. આજ લોટ ઝાઝો છે. આ તો અમારો અનુભવ સાંભળેલો છે. પ્રત્યક્ષ આ બધી વાતું પ્રત્યક્ષ સાંભળેલી

છે. એમાં ક્યાંય કોઈને પૂછવા જવા જેવી નથી. આજે ઘી ઘણું છે. ઘી નથી એમ ન કહે. સમજાય છે ને? રસ ખૂટ્યો હોય તો થઈ રહ્યું. હાય.. હાય એ તો શું કીધું? અપશુકન. અપશુકન કહેવાય. ઘી થઈ રહ્યું છે એમ ન કહે. ઘણું ઘી છે માટે લેતા આવજો. ઘી ઘણું છે માટે લેતા આવજો. જુઓ ઊંધાઈ જગતની! સમજાય છે કાંઈ? અને લોટ ઘણો છે. ઓલો બ્રાહ્મણ સમજી જાય કે લોટ ઘણો છે એટલે નથી. લોટ નથી એમ કહે તો તો થઈ રહ્યું. રોટલા વિનાના મરી જઈશું રાંકા થઈને. એમ અપશુકન માને.

એમ અજ્ઞાનીઓ આ રાગ ને પુણ્યની ક્રિયાના કરનારાને દેવ માને, રાગ ને પુણ્યની શુભ ક્રિયાના કરનારને ધર્મ મનાવે અને એમાંથી દેવપણું પ્રગટશે એમ મનાવે. ભગવાન! એ તો લૌકિકની ઊંધાઈ છે. કારણ કે જ્યારે દીવો ઓલવાય ત્યારે બઢના કહે છે. એવી ઊંધાઈ આની છે એમ કહે છે. અને '**फूटे हुए घडे का मंगलपन देखा गया है.**' કલ્યાણ થયું. ઘડો ફૂટેને? શું કહે છે? મંગળિક થયું. ઘડો ફૂટ્યો તો મંગળિક થયું. કારણ કે વળી ઘડો ફૂટ્યો તો ઘરમાંથી બધું ફૂટી જશે તો? એ તો મંગળિક થયું. એમ ઊંધા જીવો ઘડા ફૂટ્યાને કલ્યાણ માને, દીવાને વધેલું માને એમ અજ્ઞાનીઓ રાગથી વધેલા, શુભ ક્રિયાના વધેલા, પુણ્યમાં વધેલા બહારના પૂર્વના પુણ્યને લઈને પ્રસિદ્ધપણાને પામેલા એને દેવપણું માની રહ્યા છે. અને એને ધર્મ મનાવી રહ્યા છે. પ્રભુ! એ તો વાચાના ચતુર છે હોં! એ વાણીના ડાહ્યા, જ્ઞાનના ડાહ્યા નથી. શેઠી! જુઓને સ્તુતિ પણ ભગવાનની સામે, આમ માંડી છે ને મંદિરમાં? ભગવાન સામે બિરાજે છે ૠષભદેવ પ્રભુ—મૂર્તિ.

'**भावार्थ :- हे भगवन्! लौकिक मनुष्य रागी-द्वेषी जीवों को भी देव शब्द से व्यवहार करते हैं,...**' રાગ હોય, દ્વેષ હોય એને પણ દેવ શબ્દ કહે. '**सो सिर्फ लोक व्यवहार से ही किसी बात की सत्यता नहीं होती...**' એવા લોક વ્યવહારથી પણ કાંઈ સાચાપણું થઈ શકે નહિ. '**क्योंकि लोक में कितनी ही बातों का उल्टा व्यवहार होता है.**'

'**जैसे कि जब दीपक बूझ जाता है, तब लोग कहते हैं, दीपक बढ गया...**' એ તો લોકનો વ્યવહાર લૌકિક ઉક્તિ વ્યવહાર. એમ વ્યવહારનયના કથનો પણ અન્યથા કહેનારા છે. કીધું છે કે નહિ? વ્યવહાર કંઈ પણ નિમિત્ત દેખીને, અપેક્ષા દેખીને વ્યવહાર ઊંધું જ બતાવે છે. ઊંધું બતાવે છે અને વચનની ચતુરાઈવાળા એને સ્થાપે છે. એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવો એ લૌકિકના ડાહ્યા જેવા છે એ. એને સાચું જ્ઞાન અને તત્ત્વનું જ્ઞાન નથી.

'**जब घडा फूट जाता है, तब लोक कहने लगते हैं कि घडे का कल्याण हो गया.**' એ ઘડે કા કલ્યાણ હો ગયા. ઊંધા. એમ અજ્ઞાની જીવો કંઈક શુભભાવની ક્રિયામાં વધ્યા, રાગમાં કાંઈક પાપનું ઓછું થઈને.. આ તો વધી ગયો. બહુ વધ્યો. ધૂળમાંય વધ્યો નથી, સાંભળને? શુભરાગની ક્રિયાથી વધેલાને વધેલો કહેવો, એ મિથ્યાદૃષ્ટિના લૌકિક વ્યવહારના

કલ્યાણ જેમ માને ઘડો ફૂટ્યો ને કલ્યાણ (માને), એવી એની માન્યતા છે એમ કહે છે. સમજાણું કાંઈ? એની માન્યતામાં કાંઈ સાચપ છે નહિ. બધે જૂઠે જૂઠા ગપ હલવે છે.

એમ પ્રભુ એ પર્યાયમાં, કદાચિત એવી ઉજ્વળતા શુક્લલેશ્યા થઈ ગઈ. એ શુક્લલેશ્યા! નવમી ગ્રૈવેયકે ગયો, ઈન્દ્રાણી ચળાવવા આવે તો ચળે નહિ. અને શરીરના ખંડ ખંડ કરે તો ક્રોધ કરે નહિ. પણ એની બુદ્ધિ રાગ અને પુણ્ય ઉપર અંદરમાં પડી છે. પ્રભુ! એને લૌકિકમાં જેમ ઘડો ફૂટ્યો અને કલ્યાણ કહે, એમ આ રાગ ને પુણ્યમાં ધર્મ માની રહ્યા છે. રાગને ધર્મ માની રહ્યા, રાગને કલ્યાણ માની રહ્યા છે. આ દીવો બુઝાઈ કે ઓલાઈ જાય ત્યાં. એ આત્માનો દીવો રાગને ધર્મ માનવામાં, દીવો ઓલાઈ જાય છે. છતાં એને વધે છે એમ કહેનારા એ વચનના ચાતુર્યો આમ ચતુરાઈ કરાવી રહ્યા છે. કહો, સમજાણું કાંઈ? દાખલો જુઓ દાખલો આ. 'ઘડે કા કલ્યાણ હો ગયા.' ૨૮ થઈ.

---

## કાવ્ય-૨૯

नानार्थमेकार्थमदस्त्वदुक्तम्,
हितं वचस्ते निशमय्य वक्तुः।
निर्दोषतां के न विभावयन्ति,
ज्वरेण मुक्तः सुगमः स्वरेण।।

નયપ્રમાણયુત અતિહિતકારી, વચન આપ કે કહે હુએ,
સુનકર શ્રોતાજન તત્ત્વોં કે, પરિશીલન મેં લગે હુએ.
વક્તા કા નિર્દોષપના જાનેંગે, ક્યોં નહિ હે ગુણમાલ,
જ્વર વિમુક્ત જાના જાતા હૈ, સ્વર પર સે સહજ હી તત્કાલ.

**અન્વયાર્થ :—** (नानार्थम्) અનેક અર્થોં કે પ્રતિપાદક તથા (एकार्थम्) એક હી પ્રયોજનયુક્ત (त्वदुक्तम्) આપ કે કહે હુએ (अदः हितं वचः) ઈન હિતકારી વચનોં કો (निशम्य) સુનકર (के) કૌન મનુષ્ય (ते वक्तुः) આપ કે જૈસે વક્તા કી (निर्दोषताम्) નિર્દોષતા કો (न विभावयन्ति) નહીં અનુભવ કરતે? અર્થાત્ સભી કરતે હૈં. જૈસે (यः) જો (ज्वरेण मुक्तः) જ્વર સે મુક્ત હો જાતા હૈ, (सः) વહ (स्वरेण सुगमः) સ્વર સે સુગમ હો જાતા હૈ અર્થાત્ સ્વર સે ઉસકી અચ્છી તરહ પહિચાન હો જાતી હૈ.

ભાવાર્થ :— આપ કે વચન નાનાર્થ હોકર ભી એકાર્થ હૈ. યહ પ્રારંભ મેં વિરોધ માલૂમ હોતા હૈ, પર અંત મેં ઉસકા ઈસ પ્રકાર પરિહાર હો જાતા હૈ કિ આપ

કે વચન સ્યાદ્વાદ સિદ્ધાંત સે અનેક અર્થોં કા પ્રતિપાદન કરનેવાલે હૈં, ફિર ભી એક હી પ્રયોજન કો સિદ્ધ કરતે હૈં અર્થાત્ પૂર્વાપરવિરોધ સે રહિત હૈં.

હે ભગવન્! આપ કે હિતકારી વચનોં કો સુનકર યહ સ્પષ્ટ માલૂમ હો જાતા હૈ કિ આપ નિર્દોષ હૈં ક્યોંકિ સદોષ પુરુષ વૈસે વચન નહીં બોલ સકતા. જૈસે કિ કિસી કી અચ્છી આવાજ સુનકર સાફ માલૂમ હો જાતા હૈ કિ યહ જ્વર સે મુક્ત હૈ ક્યોંકિ જ્વર સે પીડિત મનુષ્ય કા સ્વર અચ્છા નહીં હોતા. ૨૯.

## કાવ્ય-૨૯ ઉપર પ્રવચન

૨૯.

नानार्थमेकार्थमदस्त्वदुक्तम्,<br>
हितं वचस्ते निशमय्य वक्तुः।<br>
निर्दोषतां के न विभावयन्ति,<br>
ज्वरेण मुक्तः सुगमः स्वरेण।।

નયપ્રમાણયુત અતિહિતકારી, વચન આપ કે કહે હુએ,<br>
સુનકર શ્રોતાજન તત્ત્વોં કે, પરિશીલન મેં લગે હુએ.<br>
વક્તા કા નિર્દોષપના જાનેંગે, ક્યોં નહિ હે ગુણમાલ,<br>
જ્વર વિમુક્ત જાના જાતા હૈ, સ્વર પર સે સહજ હી તત્કાલ.

**‘અન્વયાર્થ :- અનેક અર્થોં કે પ્રતિપાદક...’** હે નાથ! હે સર્વજ્ઞપ્રભુ! અનેક અર્થોના અનેક નય ને પ્રમાણથી આપ કથનો વસ્તુના કહો છો. **‘તથા એક હી પ્રયોજનયુક્ત...’** આપનું પ્રયોજન તો વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સિદ્ધ કરવાનું પ્રયોજન છે. એક જ પ્રકાર. નિત્ય, અનિત્ય, એક, અનેક, અનેક પ્રકારના પડખેથી આપ વાત કરો નય પ્રમાણથી પણ વસ્તુ સ્વરૂપ શું છે તેને સિદ્ધ કરવાના આપના વાક્યો છે.

અથવા ઘણા પ્રકારના કથનો ચરણાનુયોગ, કથાનુયોગમાં આવે. રાગ આમ થાય, પુણ્ય આમ થાય પણ આપનું પ્રયોજન તો એક વીતરાગભાવ જ કરાવવાનું છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં. ચારેય અનુયોગનો સાર, એ રાગ ને નિમિત્તથી ઉપેક્ષા કરીને, સ્વભાવની અપેક્ષા કરાવવી તે પ્રયોજન છે. કથન ભલે ગમે એટલા પ્રકારના આવે, વિવિધ પ્રકારના હો, આવે છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં? તમે વિવિધ પ્રકારના અર્થ કરો છો ને? અને અન્યમતિના વિવિધ પ્રકારના અર્થ કરનારને તમે ખોટા ઠરાવો છો. એમ આવે

છે ને ભાઈ?

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પ્રકાશક.

ઉત્તર :- હા, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સાંભળને! જે સર્વજ્ઞ પરમાત્મા અનેક પ્રકારે કથન કરે એમાં હેતુ એક જ છે. ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ ભગવાન! તેના તરફ વાળવાનો. ક્યાંય રાગને કરવો કે રાગમાં લાભ થાય કે નિમિત્તને જોડવું કે મેળવવું, એવું કથન વીતરાગના ચાર અનુયોગમાં ધર્મની પ્રયોજન દૃષ્ટિમાં, ક્યાંય આવતું નથી. અને એ લોકો તો ઘડીકમાં આમ કહે. 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ.' આવે છે ને? અરે..! જેને દીકરા ન હોય એ વાંઝિયા. અને શું કહેવાય એ? સરાવણું. સરાવણું ન કરે તો એની ગત ન સારી થાય. એક બાજુ એમ કહે અને એક બાજુ ફલાણા જેવા બ્રહ્મચારી હતા એ તરી ગયા વળી એમ કહે. એમ આત્માની અંદરમાં લ્યો (તો) એક બાજુ પુણ્યને હેય બતાવે. બીજી રીતે પુણ્યને આદરણીય બતાવીને લાભ બતાવે. ભગવાન! એના ઠેકાણા વિનાના કથનો છે. અજ્ઞાનીના કથનો મિથ્યાદૃષ્ટિના, અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો હોય પણ એ વચનની ચાતુરાઈથી બીજી જ વાતું કરી રહ્યા છે.

મુમુક્ષુ :- વ્યવહારે ઉપાદેય?

ઉત્તર :- વ્યવહારે ઉપાદેયનો અર્થ શું? છે એનો સ્વીકાર એનું નામ ઉપાદેય છે. સમજાણું કાંઈ? જેમ સર્વજ્ઞ છે એનો સ્વીકાર કરવો એ સર્વજ્ઞની સ્તુતિ છે. એમ વ્યવહાર છે એમ સ્વીકારવું એનું નામ ઉપાદેય છે. ઉપાદેય આદરણીય તરીકે એમ નથી.

મુમુક્ષુ :- જ્ઞાન કરવું એ ઉપાદેય છે?

ઉત્તર :- જ્ઞાન કરવું એનું (નામ) ઉપાદેય છે. જાણવા લાયક છે એમ છે એમ જાણવું તે ઉપાદેય. આદરણીય-ફાદરણીય છે નહિ. પણ વચનના ચાતુર્યો અજ્ઞાનીઓ અનેક પ્રકારના અર્થો કરી અને ઊંધુ મારે છે. પ્રભુ! આપના કથનમાં અનેક પ્રકાર હોય પણ એક પ્રયોજન છે એ વાત આપના ખ્યાલમાંથી ખસતી નથી. સમજાણું કાંઈ?

'**આપકે કહે હુએ ઈન હિતકારી વચનોં કો સુનકર...**' હિતકારી વચન સુનકર પરમાત્મા '**કૌન મનુષ્ય આપકે જૈસે વક્તા કી નિર્દોષતા કો નહીં અનુભવ કરતે?**' આપ નિર્દોષ વક્તા છો. આપની ગમે તે વાણી નીકળતી હોય, પણ એક વીતરાગ સ્વભાવની દૃષ્ટિ, વીતરાગનું જ્ઞાન અંતર દૃષ્ટિનું અને વીતરાગ ચારિત્ર એ જ કહેવાનો આપનો આશય- એ આપના વક્તાપણાની નિર્દોષતા તત્ત્વજ્ઞ વિચારક કોણ નહિ પરખે? સમજાણું કાંઈ? '**નિર્દોષતા કો નહીં અનુભવ કરતે?**' આપની વાણી એવી અંદરથી નીકળે એના ન્યાયથી અંદર જે પ્રયોજન સિદ્ધ કરવું છે, વિચારક પરિશીલન કરનાર વિચારકોને આપની નિર્દોષતાને પરખી લે છે.

'**જો જ્વર સે મુક્ત હો જાતા હૈ,...**' તાવ ચડ્યો હો તાવ. તાવ સમજો છો ને?

બુખાર. ચાર અને પાંચ ડિગ્રી તાવ. ગળામાં અવાજ જ બગડી ગયેલો હોય એનો. શેઠી! શું છે ભાઈ? તમને તાવ છે? મોઢું લાલ થઈ ગયું હોય. આ બુખાર-બુખાર ચડે છેને. કંઠમાં કંઈ ઠેકાણું ન હોય. તાવ લાગે છે. અને તાવ જેનો છૂટી ગયો હોય, બુખાર ચાલ્યો ગયો અને પછી એનો સ્વર-ધ્વનિ નીકળે (એ) સ્વરથી ઓળખાય કે આને તાવ છે નહિ. આને બુખાર નથી. બુખાર ઉતરી ગયો છે. બરાબર છે?

હવે સિદ્ધાંત. ‘**વહ સ્વર સે સુગમ હો જાતા હૈ...**’ એના સ્વરથી એની પરીક્ષા સહેલી થઈ જાય છે કે આ સ્વર નીકળ્યો, એને તાવ નથી લાગતો. ‘**સ્વર સે ઉસકી અચ્છી તરહ પહિચાન હો જાતી હૈ.**’ એમ અજ્ઞાનીના રોગવાળા અજ્ઞાનથી ભરેલા એની વાણીનો સ્વર અને આપ નિર્દોષતાના સ્વરમાં પ્રભુ ફેર છે. આપની વાણી અને અજ્ઞાનીની વાણીમાં ઉગમણો-આથમણો ફેર છે. બુખાર ચડેલાનો ધ્વનિ એં..એં.. કરતો નીકળે. અને બુખાર વિનાની વાણી. એ સ્વર જ એમ કહે કે આને તાવ છે નહિ.

એમ આપની વાણીમાં નિર્દોષતા પ્રગટ થવાની જે વાત કરી છે. ચિદાનંદ ભગવાન નિર્દોષ પરમાત્મપદ કંદ છે, કેવળજ્ઞાનનો કંદ છે એને પ્રગટ કરો, રાગ અને અલ્પજ્ઞનો નાશ કરો એવી આપની નિર્દોષ વાણી એ આપની નિરોગતાને બતાવી રહી છે. નિરોગતા એટલે પરમાત્મદશા છે આ. નિરોગતા એટલે પરમાત્મા. અને ઓલા બધા રોગીઓ છે. સમજાણું કાંઈ? ક્યાંક ક્યાંક લાકડા ખોસીને નૈગમનયે આમ થાય અને સંગ્રહનયે આમ થાય ને એવંભૂતનયની આ બધી તમે વાતું કરો. સાંભળને હવે. આ નૈગમનયે ધર્મ થાય. નમો અરિહંતાણ ગણે એને પણ ધર્મ થાય. કોણ ગણે છે? નમો અરિહંતાણં કહેવું કોને? ‘નમઃ સમયસારાય’. ચિદાનંદ પરમાત્મામાં અંદર નમ્યો અને વિકારની પ્રસન્નતા જેના હૃદયમાંથી ગઈ આ એણે નવકાર ગણ્યા અને એને નમો અરિહંતાણં કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ તો નમો અરિહંતાણં કરી કરીને અભવિ નથી ગણતો? અભવિ ગણે છે કે નહિ?

સમંતભદ્રાચાર્ય કહે છે ભગવાનની સ્તુતિ કરતા. હે નાથ! એ અભવિ ગ્રંથીવાળો નહિ આપને નમે. અભવિ. અભવિ જેવા પછી દાખલા બધા લેવા. સમજાણું? કેમ કે આપ તો વીતરાગ છો સર્વજ્ઞ પરમાત્મા, નિર્દોષ પરમાત્મદશાને પ્રગટ કરેલા છો. જેને રાગનો પ્રેમ ને રાગની રુચિ અને નિમિત્તના સંગની રુચિ છે એવાઓ આપને નહિ નમે. વીતરાગભાવમાં નહિ આવી શકે. એ ગ્રંથીસત્ત્વ એને કહ્યા છે અભવિને. જેને રાગની ગાંઠ વાળી લાગે છે એ ગ્રંથીસત્ત્વ વીતરાગને નહિ નમી શકે. નવનીતભાઈ! સમજાણું કાંઈ? એ નહિ નમે તમને.

ઓલામાં આવે છેને? તમારા લગનમાં નથી આવતું? નહિ નમે રે નહિ નમે, મોટાના છોરું નહિ નમે. ગપે ગપ જ ચલવ્યા છે. સમજ્યાને? આ બધું સાંભળેલું હોય ને. ગપે ગપ. ક્યાં ગયા ફાવાભાઈ? બધા વાતું કરે ત્યાં. મોટાના છોરું નહિ નમે. ફાવાભાઈના લગનપ્રસંગમાં હતું ને. ભાઈ! જોયેલું બધું. અને ખુશાલભાઈના લગનમાં. આ બેના લગનમાં

જોયેલું. બીજાના લગનમાં આપણે બહુ પાકું બધું પૂરું જોયું નથી. આમાં ૬૪માં જોયું હતું અને એક ૬૮માં. બેમાં બધું જોયેલું કે આ ન નમે રે ન નમે. શું છે પણ હવે? આમાં નમે તોય શું અને ન નમે તોય શું?

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા! રાગને આદર કરીને નમશે નહિ ત્રણ કાળમાં. એ મોટાના છોરું! એ તીર્થંકરપદના લેનારા! એ કેવળજ્ઞાનની પર્યાયને પ્રગટ કરનારો ચૈતન્યઘન! એ રાગનો આદર કરીને નહિ નમે કોઈ દિ'. સમજાય છે કાંઈ? એટલે કહે છે કે ભગવાન! એની વાણીમાં ફેર પડી જાય હોં. તાવ ઉતરેલાનો સ્વર એ સ્વરથી પરખાય. ઓલામાં સત્તા સ્વરૂપમાં નથી આવતું? સત્તા સ્વરૂપમાં. ઓરડી. સત્તા સ્વરૂપ છેને? કેવા? ભાગચંદજી છાજડ. જયપુરમાં થઈ ગયા છેને તમારેને? કે આસપાસમાં? આ મન્સુર-મન્સુર. આ મન્સુરવાળા આવ્યા છે કે નહિ? મન્સુરમાં થયા છે એક ભાગચંદજી છાજડ. એણે એક સત્તા સ્વરૂપ બનાવ્યું છે. એમાં ભગવાનની ઓળખાણ માટે કહ્યું, પ્રભુ! એક ઓરડો બંધ હોય અને એમાં એક વિચિક્ષણ પુરુષ અંદર વીણાનો વગાડનાર, દેશી ઢબ, મુર્છા, ગ્રામ બધું જાણનારો. જે ઠેકાણે આમ વગાડે તો ફડાક. સામે મૂર્છા આવી જાય. એકાકાર થઈ જાય. એવું ગાનારો. એ ઓરડો બંધ છે. દૂરથી એક માણસ ચાલ્યો જાય છે પણ એનો જાણનાર છે. ત્યારે ઓળખે કે ઓહો..! એ એને જોઈ શકતો નથી. સાંભળનારો એ માણસને જોઈ શકતો નથી. મકાન બંધ છે. પણ એની ધ્વનિના ધારથી આ કોઈ વિચિક્ષણ તારનો બજાવનાર છે અને એને દેશી ને બરાબર બેઠેલી છે. સમજાણું કાંઈ?

એમ વાણીના સંયોગની ધ્વનિથી, એ છે તો વાણીનો સંયોગ... સમજાય છે? એ ભગવાન પ્રત્યક્ષ જ્ઞાની અને સમ્યગ્દષ્ટિને કાંઈ સમવસરણમાં દેખાતા નથી. એનું સર્વજ્ઞરૂપ છે એ કાંઈ દેખાતું નથી. જેમ ઓલો કમરામાં બેઠો હોય એ દેખાતો નથી પણ એની ધ્વનિ દેશીની ધૂન, દેશીની ધૂન વગાડતો હોય એમ એવી... જબર કોઈ કળાનો કળાબાજ છે અંદર. એમ નાથ! આપની વાણીમાં જે પૂર્વાપર અવિરોધતા આવે, ભલે આપ ન દેખાવ પણ આ કળાબાજ કેવળી છે એમ પરીક્ષા કર્યા વિના સમકિતી રહે નહિ. સમજાણું કાંઈ? ઈ કેવળ કળાબાજ છે. કેવળજ્ઞાનની કળા જેને પ્રગટી પૂર્ણાનંદ એનો ધ્વનિ આવો હોય. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... બધી વાત છે. એને ખ્યાલમાં આવતા કે આ વાણીના સ્વરથી ભગવાનને ઓળખી લે. એમ અહીં કહે છે કે તાવ ઉતર્યાવાળાની વાણીના સ્વરથી આ નિરોગી છે એમ ઓળખી લે. '**સ્વર સે ઉસકી અચ્છી તરહ પહિચાન હો જાતી હૈ.**'

'**ભાવાર્થ :- આપકે વચન નાનાર્થ હોકર ભી...**' અનેક પ્રકારે બતાવે નિત્ય-અનિત્ય, શુદ્ધ-અશુદ્ધ વગેરે. '**યહ પ્રારંભ મેં વિરોધ માલૂમ હોતા હૈ,...**' શરૂઆતમાં એક વસ્તુ નિત્ય અને અનિત્ય, એ જ શુદ્ધ અને એ અશુદ્ધ એમ. '**પર અંત મેં ઉસકા ઈસ પ્રકાર પરિહાર હો જાતા હૈ કિ આપકે વચન સ્યાદ્વાદ સિદ્ધાંત સે અનેક અર્થો કા પ્રતિપાદન**

**કરનેવાલે હૈં, ફિર ભી એક હી પ્રયોજન કો સિદ્ધ કરતે હૈં...'** કાં વસ્તુ અખંડાનંદ પ્રભુ એને સિદ્ધ કરે છે અને કાં એ બધી વાતું કરવા છતાં, વીતરાગભાવને સિદ્ધ કરે છે. **'અર્થાત્ પૂર્વાપરવિરોધ સે રહિત હૈં.'**

**'હે ભગવન્! આપકે હિતકારી વચનોં કો સુનકર યહ સ્પષ્ટ માલમૂ હો જાતા હૈ કિ આપ નિર્દોષ હૈં...'** આપ નિર્દોષ હૈં. જુઓને! સમંતભદ્રે કહ્યું ને. પ્રભુ! આપે એમ વાણીમાં કહ્યું ને, કે જે અનંત દ્રવ્ય છે, અનંત પદાર્થ એના એક સેકન્ડનો અસંખ્યમો ભાગ એક સમય, એમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણ. એ આપે કહ્યું. અમને ખ્યાલમાં આવી ગયું કે પ્રભુ! એક સમયમાં ત્રણ પકડ્યા એ તમે સર્વજ્ઞ છો. શું કીધું? સમય એક સેકન્ડનો અસંખ્યમો ભાગ અને એમાં ત્રણ સત્‌ને આપે જોયા. એક પર્યાય નવી ઊપજે તેને, પુરાણી જાય તેને, ધ્રુવ રહે તેને. સમય એક. સમયના ખંડ નહિ. છતાં એ કાળે આમ ત્રણ છે એમ જોયું. એ સર્વજ્ઞ સિવાય પ્રભુ હોઈ શકે નહિ. જા. સમજાણું કાંઈ? તમારી વાણીમાંથી અમે નિરોગતા કેવળજ્ઞાનની તમારી છે એમ પરખી લીધી છે. નવનીતભાઈ! સ્વયંભૂ સ્તોત્ર છે ને? ચોવીસ તીર્થંકરની સ્તુતિ. સમંતભદ્રાચાર્યે કરી છે ને? સમંતભદ્રાચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, સ્વયંભૂ સ્તોત્ર.

**'યહ સ્પષ્ટ માલૂમ હો જાતા હૈ કિ આપ નિર્દોષ હૈં ક્યોંકિ સદોષ પુરુષ વૈસે વચન નહીં બોલ સકતા.'** જેને તાવ હોય, કંઠ પકડાઈ ગયો હોય, શરદી થઈ હોય એ વાણી ચોખ્ખી નીકળી શકે નહિ. એમ અજ્ઞાનીઓની રાગમાં પકડાયેલાની વાણી સાચી નીકળી શકે નહિ. **'જૈસે કિ કિસી કી અચ્છી આવાજ સુનકર સાફ માલૂમ હો જાતા હૈ કિ યહ જ્વર સે મુક્ત હૈ ક્યોંકિ જ્વર સે પીડિત મનુષ્ય કા સ્વર અચ્છા નહીં હોતા.'**

---

## કાવ્ય-૩૦

न क्वापि वाञ्छा ववृते च वाक्ते,
काले क्वचित्कोऽपि तथा नियोगः।
न पूरयाम्यम्बुधिमित्युदंशुः,
स्वयं हि शीतद्युतिरभ्युदेत्ति।।

**યદ્યપિ જગ કે કિસી વિષય મેં, અભિલાષા તબ રહી નહીં,**
**તો ભી વિમલ વાણી તવ ખિરતી, યદા કદાચિત્ કહીં કહીં.**
**ઐસા હી કુછ હૈ નિયોગ યહ, જૈસે પૂર્ણચંદ્ર જિનદેવ,**
**જ્વર બઢાને કો નહીં ઉગતા, કિન્તુ ઉદિત હોતા સ્વયમેવ.**

અન્વયાર્થ :— (ते) આપ કી (क्वापि) કિસી ભી વસ્તુ મેં (वाञ्छा न) ઈચ્છા નહીં હૈ, (च) ઔર (वाक्ववृते) વચન પ્રવૃત્ત હોતે હૈં. સચમુચ મેં (क्वचित् काले) કિસી કાલ મેં (तथा) વૈસા (कः अपि नियोगः) કોઈ નિયોગ-નિયમ હી હોતા હૈ. (हि) ક્યોંકિ (शीतद्युतिः) ચંદ્રમા, (अम्बुधिम् पूरयामि) મૈં સમુદ્ર કો પૂર્ણ કર દૂં, (इति) ઈસલિયે (उदंशुः न भवति) ઉદિત નહીં હોતા, કિન્તુ (स्वयम् अभ्युदेति) સ્વભાવ સે હી ઉદિત હોતા હૈ.

ભાવાર્થ :— જિસ પ્રકાર ચંદ્રમા યહ ઈચ્છા રખકર ઉદિત નહીં હોતા કિ મૈં સમુદ્ર કો લહરોં સે ભર દૂં, પર ઉસકા વૈસા સ્વભાવ હી હૈ કિ ચંદ્રમા કા ઉદય હોને પર સમુદ્ર મેં લહરેં ઉઠને લગતી હૈ; ઈસી પ્રકાર આપ કો યહ ઈચ્છા નહીં હૈ કિ મૈં કુછ બોલૂં, પર વૈસા સ્વભાવ હોને સે સ્વયં હી આપ કે વચન પ્રગટ હોને લગતે હૈં.

---

## કાવ્ય-૩૦ ઉપર પ્રવચન

૩૦.

न क्वापि वाञ्छा ववृते च वाक्ते,
काले क्वचित्कोऽपि तथा नियोगः।
न पूरयाम्यम्बुधिमित्युदंशुः,
स्वयं हि शीतद्युतिरभ्युदेत्ति।।

યદ્યપિ જગ કે કિસી વિષય મેં, અભિલાષા તબ રહી નહીં,
તો ભી વિમલ વાણી તવ ખિરતી, યદા કદાચિત્ કહીં કહીં.
ઐસા હી કુછ હૈ નિયોગ યહ, જૈસે પૂર્ણચંદ્ર જિનદેવ,
જ્વર બઢાને કો નહીં ઉગતા, કિન્તુ ઉદિત હોતા સ્વયમેવ.

જુઓને દરેક ગાથામાં એક એક દાખલો નવીન પ્રકારનો દાખલો ભગવાનની સ્તુતિમાં (આપે છે). મેળ એવો ખાઈ ગયો. એ તો પવિત્ર દૃષ્ટિ હતી અને ઓલા છોકરાને ઝેર ચડ્યું. સર્પ કરડ્યો હતો સર્પ. ફડાક ઉતરી ગયો. એને કારણે ઉતર્યો છે હોં! ત્યાં. આ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધથી (કહેવામાં આવે).

મુમુક્ષુ :- આપે જોર તો ઘણું આપ્યું.

ઉત્તર :- ઉતરી ગયો પણ એને ઉતરી જ જાય એમ પાછું. એવા પ્રકાર જ્યાં હોય

ત્યાં એ પવિત્રતા અને ત્યાં એમ થયા વિના રહે નહિ. એવા મેળવાળી વાત અહીં લીધી છે ને. એ એને કારણે થાય છે. કહો, સમજાણું આમાં?

**'અન્વયાર્થ :- આપકી કિસી ભી વસ્તુ મેં ઇચ્છા નહીં હૈ,...'** હે વીતરાગ, હે સર્વજ્ઞદેવ! ત્રિલોકનાથ ગુણાધાર! ગુણના નિધાન પ્રભુ! આપને કોઈ પ્રકારની ઇચ્છા છે નહિ. **'ઔર વચન પ્રવૃત્ત હોતે હૈં.'** ઓહોહો..! આપના શરીર પણ હજારો અનેક યોજનમાં જાય અને વાણી દિવ્યધ્વનિ એક દિવસમાં ચોવીસ ઘડી થાય. છ ઘડી સવારમાં, છ ઘડી બપોરે, છ ઘડી સાંજના, છ ઘડી રાતના. બીજા કેટલાક હોય તો કહે, બહુ લાંબુ નહિ બોલીએ. અમે લાંબુ નહિ કરીએ. પ્રભુ! આ પણ શું તારી દશા? ઇચ્છા કાંઈ નહિ ને ચોવીસ કલાકમાં વિહાર જ્યારે કરો ત્યારે અનેક યોજન ચાલો. અને વાણી નીકળે ત્યારે ચોવીસ ઘડી. અડતાલીસ ઘડી કહેવાય ને. કેટલી ઘડી થાય? ૬૦-૬૦. ૬૦ ઘડીમાં ૨૪ ઘડી. કામ જ ઈ? ઇચ્છા નહિ ને આટલું બધું કામ? ધંધાવાળા તો ઇચ્છા બહુ હોય તો બહુ કામમાં રોકાય. ઇચ્છા હોય તો ચોવીસ કલાકમાં દસ કલાક રોકાય. સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૮ કલાકનું તો એક ફેરી કહેતા હતા ભાઈ. ૧૮-૧૮ કલાક કામ કરતા હતા. નાનાલાલભાઈ કહેતા હતા ને એક ફેરી. દુકાનમાં ૧૮-૧૮ કલાક. છ કલાકમાં ચાર-પાંચ કલાક સૂવે ને ઉઠે ને ફટ કામ. પણ પ્રભુ! આ તમને ઇચ્છા નહિ. આ તે તમારી વિરુદ્ધતાનો પાર નહિ. ઇચ્છા નહિ ને ચોવીસ ઘડી ધ્વનિ, ઇચ્છા નહિ ને વિહારમાં અનેક યોજનનું શરીરથી કપાવું, આ તે શું કોઈ રીત! વિરોધ-વિરોધ. પણ પ્રભુ! એ વિરોધના ઝેર આપે ઉતારી નાખ્યા કહે છે. વિરોધ જરીએ છે નહિ. સમંજસતા છે, યથાર્થતા છે અને વાસ્તવિકતા છે.

**'સચમુચ મેં કિસી કાલ મેં વૈસા કોઈ નિયોગ-નિયમ હી હોતા હૈ.'** ત્યારે વાણીનો .. વાણીને કાળે નીકળે છે ને એમ કહે છે. વાણીને કાળે વાણી નીકળે છે. કેવળજ્ઞાની તો ચોવીસે કલાક છે. પણ કાંઈ ચોવીસ કલાક વાણી નીકળતી નથી. એને કાળે વાણીનો ધ્વનિ છ-છ ઘડી એવો નીકળે. ઇન્દ્રો, નરેન્દ્રો અને જ્યારે કોઈ એવા પુણ્યવંત હોય અને આપને પ્રશ્ન કરે, ઇન્દ્રો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ કે ગણધર ફડાક વાણી નીકળે એને કાળે. ઇચ્છા નહિ ને આ શું થયું પણ આ? પૂછે પ્રશ્ન અને ઉત્તર આવે દિવ્યધ્વનિમાં, દિવ્યધ્વનિમાં. કહે છે કે કોઈ એવો નિયમ નામ સંબંધ જ એવો છે કોઈ. આવે છેને ઓલામાં નહિ? સ્તુતિમાં નથી આવતું? 'ભવિ ભાજન જોગ...'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. 'ભવિ ભાગન જોગ...' પ્રભુ! ભવ્યના ભાગ્યને માટે આપના વિહાર અને ભવિના ભાગ્યને માટે આપની દિવ્યધ્વનિ છે. છે તો એને કારણે હોં! દિવ્યધ્વનિ એ તો ઉપાદાનને કારણે વાણી નીકળે. દેહ પણ ઉપાદાનને કારણે (વિહાર કરે). પણ ઓલા નિમિત્તથી

કથન (આવે). પ્રભુ! આપને કાંઈ નથી પણ અમારા પુણ્યને લઈને પ્રભુ આપના વિહાર અને વાણીનું .. થાય છે. આપને કોઈ વિરોધતા અને એક કોર વીતરાગતા. રાગ નહિ. એક કોર આટલા આટલા કામ વાણીના અને શરીરના.

'**ક્યોંકિ ચન્દ્રમા, મૈં સમુદ્ર કો પૂર્ણ કર દૂં.**' ચંદ્ર ઊગે પૂનમનો. એ પૂનમનો ચંદ્ર ઊગે સોળ કળાએ. એને એવી ઇચ્છા નથી કે હું દરિયામાં બાઢ લાવી દઉં. બાઢ કહે ને? શું કહે? ભરતી-ભરતી. ભરતી લાવું એની ઇચ્છા ચંદ્રને નથી. '**ઇસલિયે ઉદિત (ન ભવન્તુ) નહીં હોતા,...**' ચંદ્ર દરિયાના પાણીને ભરતી લાવવા માટે ઉદય થતો નથી. પણ પ્રભુ જ્યાં ચંદ્રનો ઉદય થયો (ત્યાં) પાણીમાં ભરતી આવ્યા વિના રહે નહિ. '**કિન્તુ સ્વભાવ સે હી ઉદિત હોતા હૈ.**' દાખલો ઓલો આપ્યો છે ને રત્નકરંડ શ્રાવકાચારમાં. શું કહેવાય વગાડે એને? ઢોલક. ઢોલકને ઇચ્છા હોતી નથી પણ હાથ પડે ત્યાં અવાજ નીકળે. ઢોલકને. શું કહેવાય આ? નગારા નગારા. હાથ મારે ત્યાં અવાજ નીકળે. પ્રભુ! એને ઇચ્છા નથી. એમ આપને ઇચ્છા નથી પણ પુણ્યવંત પ્રાણી આવે ત્યાં દિવ્યધ્વનિ નીકળે.

એમ આત્માની અંદરમાં પણ પુરુષાર્થની ઉગ્રતા થાય એટલે શક્તિની વ્યક્તતા થયા વિના રહે નહિ. કાંઈ ફેરફાર પાછો દ્રવ્યમાં થાય નહિ. દ્રવ્યને કાંઈ ફેરફાર થાય નહિ. પણ જેટલો એકાગ્ર થાય એ શક્તિની વ્યક્તતા પ્રગટ થાય જ. આ તે કોઈ વિરોધ તત્ત્વ. પ્રભુ! આપે કહ્યું તે અલૌકિક વાત કરી છે. સમજાણું કાંઈ? એ ચંદ્રમા, સમુદ્રને પૂર્ણ કરું એવી ઇચ્છાથી ઉદય થતો નથી. છતાં સ્વભાવથી ઉદય થાય છે.

'**ભાવાર્થ :- જિસ પ્રકાર ચંદ્રમા યહ ઇચ્છા રખકર ઉદિત નહીં હોતા કિ મૈં સમુદ્ર કો લહરોં સે ભર દૂં,...**' એ સમુદ્રની લહેરોથી ભરતી કરી દઉં એવી ઇચ્છા ચંદ્રને છે નહિ. '**પર ઉસકા વૈસા સ્વભાવ હી હૈ કિ ચન્દ્રમા કા ઉદય હોને પર સમુદ્ર મેં લહરે ઉઠને લગતી હૈં; ઇસી પ્રકાર આપકો યહ ઇચ્છા નહીં હૈ કિં મૈં કુછ બોલૂં, પર વૈસા સ્વભાવ...**' ઉપાદાન, વાણીની યોગ્યતાથી નીકળે છે. '**આપકે વચન પ્રગટ હોને લગતે હૈં.**' ધ્વનિ ઊઠે છે અંદરમાંથી. ઇન્દ્રો અને નરેન્દ્રો પણ સાંભળીને... આહાહા..! વાઘ અને મીંદડી જોડે બેઠા હોય, હરણ અને સિંહ બેઠા હોય, સર્પ અને મોર બેઠા હોય, સર્પ ને ઉંદર. ઇચ્છા નથી ને આ વાણી! પ્રભુ! એ વીતરાગતાની કોઈ અલૌકિકતા છે. જાણે વિરોધ-વિરોધ લાગે પણ વિરોધ એમાં પરિહાર છે. એમાં જ વિરોધનો પરિહાર છે. વ્યવહાર એક કોર હા કહે અને બીજી કોર કહે કે આદરણીય નથી. નિશ્ચય એક જ આદરણીય. બે નયનું જ્ઞાન કરવું બરાબર છે પણ આદરણીય એક જ વાત છે. બે નયનો વિષય આદરણીય હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? '**વૈસા સ્વભાવ હોને સે સ્વયં હી આપકે વચન પ્રગટ હોને લગતે હૈં.**'

## કાવ્ય-૩૧

गुणा गंभीराः परमाः प्रसन्नाः,
बहुप्रकारा बहवस्तवेति।
दृष्टोऽयमन्तस्तवने न तेषाम्,
गुणो गुणानां किमतः परोऽस्ति।।

હે પ્રભુ! તેરે ગુણ પ્રસિદ્ધ હૈં, પરમોત્તમ હૈં, ગહરે હૈં,
બહુ પ્રકાર હૈં, પાર રહિત હૈં, નિજ સ્વભાવ મેં ઠહરે હૈં.
સ્તુતિ કરતે-કરતે યોં દેખા, છોર ગુણોં કા આખિર મેં,
ઉનમેં જો નહિં કહા, રહા વહ, ઔર કૌન ગુણ જાહિર મેં.

અન્વયાર્થ :— (तव) આપ કે (गुणाः) ગુણ (गंभीराः) ગંભીર, (परमाः) ઉત્કૃષ્ટ, (प्रसन्नाः) ઉજ્જ્વલ, (बहुप्रकाराः) અનેક પ્રકાર કે ઔર (बहवः) બહુત હૈં, (इति अयम्) ઈસ પ્રકાર (स्तवनेन) સ્તુતિ કે દ્વારા હી (तेषां गुणानां) ઉન ગુણોં કા (अन्तो दृष्टः) અન્ત દેખા ગયા હૈ. (अतः परः गुणानां अन्तः किम् अस्ति) ઈસકે સિવાય ગુણોં કા ક્યા અન્ત હોતા હૈ? અર્થાત્ નહીં.

ભાવાર્થ :— સ્તુતિ મેં આપ કે સમસ્ત ગુણ કહને કી સામર્થ્ય નહીં હૈ, ઈસલિયે ઉનકા અંત હો જાતા હૈ — ઐસા કહતે હૈં ક્યોંકિ અન્ય પ્રકાર સે ઉનકા અંત સંભવ નહીં હૈ.

## કાવ્ય-૩૧ ઉપર પ્રવચન

૩૧.

गुणा गंभीराः परमाः प्रसन्नाः,
बहुप्रकारा बहवस्तवेति।
दृष्टोऽयमन्तस्तवने न तेषाम्,
गुणो गुणानां किमतः परोऽस्ति।।

હે પ્રભુ! તેરે ગુણ પ્રસિદ્ધ હૈં, પરમોત્તમ હૈં, ગહરે હૈં,
બહુ પ્રકાર હૈં, પાર રહિત હૈં, નિજ સ્વભાવ મેં ઠહરે હૈં.

**સ્તુતિ કરતે-કરતે યોં દેખા, છોર ગુણોં કા આખિર મેં,**
**ઉનમેં જો નહિં કહા, રહા વહ, ઔર કૌન ગુણ જાહિર મેં.**

બધા હૃદયના ઉદ્‌ગાર કાઢ્યા છે હોં. શું કહે છે?

'**અન્વયાર્થ :- આપકે ગુણ ગંભીર,...**' એમ ગંભીર. પાઠમાં '**गंभीराः**' અર્થમાં કર્યું ગંભીર ગંભીર. ક્યાં ક્યાં સ્વભાવ અલ્પ ક્ષેત્ર અને અનંતા ગુણોની ગંભીરતા. જેમ ગુમડું આ ફોડા થાય છેને ફોડા. ગંભીર ગુમડું નથી કહેતા? આ ગુમડું ગંભીર છે. એમાં વાટ જાય છે પણ ઠેઠ જાતી નથી એમ નથી કહેતા ડોક્ટરો? ફોડા હોતા હૈ ન ફોડા? ગંભીર ગંભીર. શું કહે છે એને બીજી ભાષામાં? .. બસ! એ પર.. એ ગુમડું ભરાય ને નીકળે, ભરાય ને નીકળે. તો ગંભીર કહે. પ્રભુ! આપના પર્યાયમાં બધી વસ્તુ ભલે પરિણમી ગઈ પણ વસ્તુમાં, તારી એટલા ગુણની ગંભીરતા અગાધ... અગાધ... તારી ગંભીરતા. એમ આત્મદ્રવ્યના અનંત ગુણોની અગાધ ગંભીરતા.

'**ઉત્કૃષ્ટ, ઉજ્જ્વલ,...**' એ ગંભીર છે, અનંત ગુણો ઉત્કૃષ્ટ છે અને ઉજ્જ્વળ નામ નિર્મળ છે અને '**અનેક પ્રકાર કે...**' પાછા અનેક પ્રકાર. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ વગેરે. એવા '**બહુત હૈં, ઈસ પ્રકાર સ્તુતિ કે દ્વારા હી ઉન ગુણોં કા અંત દેખા ગયા હૈ.**' અમે તો સ્તુતિ કરીને આમ કરી જાણે, અંત પામ્યા કહીએ. પણ પ્રભુ! '**ઈસકે સિવાય ગુણોં કા ક્યા અંત હોતા હૈ?**' એ ગુણનો અંત તો તારામાં બધા છે એમ અંત આવી જાય છે. બસ, થઈ રહ્યું. અમારી વાણીમાં કાંઈ પાર પડતો નથી. બધાય ગુણોમાં તારામાં સમાઈ જાય ત્યાં અંત છે. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- સ્તુતિ મેં આપકે સમસ્ત ગુણ કહને કી સામર્થ્ય નહીં હૈ,...**' સમજાય છે? '**ઈસલિયે ઉનકા અંત હો જાતા હૈ-**' ત્યાં વાણીમાં અંત થઈ જાય છે. બીજી રીતે કહીએ તો વાણી દ્વારા, વિકલ્પ દ્વારા આપના અનંતા ગુણો જ્યાં ગણવા માંડીએ ત્યાં અંત આવતો નથી. અનંત ગુણો એમાં છે. જ્યાં આત્મા છે ત્યાં અનંત ગુણ અને ત્યાં અંત આવી ગયો. એ એની ઉત્કૃષ્ટ ભક્તિ અને સ્તુતિ કહેવામાં આવે છે. એ અનંત ગુણનો સ્વીકાર ત્યાં અંત આવ્યો એને. શ્રદ્ધા-જ્ઞાનમાં એનું ભાન થયું. અનંતા ગુણનું એકરૂપ એવું ચૈતન્ય વાણી દ્વારા, વિકલ્પ દ્વારા પાર પડતું નથી. ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધના દેવો સમ્યગ્દૃષ્ટિ બાર અંગના ભણેલા એ ચર્ચા કરતાં કરતાં ૩૩ સાગર ચાલ્યા જાય. ૩૩ સાગરોપમ કોને કહે? સમજાય છે? કેટલો કાળ!

એક પલ્યોપમમાં, અસંખ્યમા ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્યાતા અબજ જાય. એટલે ઋષભદેવ ભગવાનનું ૮૪ લાખનું આયુષ્ય—૮૪ લાખ પૂર્વનું એ પલ્યના અસંખ્ય ભાગમાં ૮૪ લાખ પૂર્વ અસંખ્ય જાય. એવા એવા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એવા ૩૩ સાગર સુધી ક્ષાયિક સમકિતી અને બાર

અંગના ભણનારા દેવો ત્યાં ચર્ચા કરે છે. અંતે તો પ્રભુ અંત તો વિકલ્પરહિત સ્વરૂપમાં જ આવશે. એ સિવાય પાર—અંત આવે એવો નથી. આવી ગયો કે અંદરમાં આટલા અનંતા ગુણો છે એવી શ્રદ્ધા અને જ્ઞાન થયું ત્યાં બધો અંત આવી ગયો. બાકી વિકલ્પથી અંત આવે એવો નથી. સમજાણું?

‘**સ્તુતિ મેં આપકે સમસ્ત ગુણ કહને કી સામર્થ્ય નહીં હૈ, ઈસલિયે ઉનકા અંત હો જાતા હૈ-...**’ વાણીમાં કહે છે પણ ખરેખર અંદરમાં છે. ‘**અન્ય પ્રકાર સે ઉનકા અંત સંભવ નહીં હૈ.**’ એ ગુણનો અંત તો પ્રભુ તેં લીધો. તારામાં જેટલા છે તેં જાણ્યા. અને એ સિવાય વાણીમાં એની ગણતરીથી કહી શકાય એવું નથી. એમ વચનની, વિકલ્પની સ્તુતિ છોડી અને નિર્વિકલ્પ સ્તુતિમાં સમાઈ જવું, એને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

